દાવો રજુ કર્યા તારીખ	:- ૨૬/૧૦/૨૦૧૮
દાવો નોંધ્યા તારીખ	:- ૨૬/૧૦/૨૦૧૮
દાવાનો નિર્ણય તારીખ	:- ૧૪/૧૦/૨૦૨૧
સમયગાળો	:-વર્ષ : માસ : દિવસ
	૦૨ ૧૧ ૧૮

****

પાટણના મે.પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ સાહેબની કોર્ટ સમક્ષ, મુ.પાટણ

****

સ્પે.દી.મુ.નં.૨૫/૨૦૧૮
આંક-૫૨

વાદી:- ચીફ મેનેજરશ્રી, બેંક ઓફ બરોડા, હેડ ઓફીસ:માંડવી, વડોદરા:
પાટણ મુખ્ય શાખા, હિંગળાચાચર, મુ.પાટણ, તા.જી.પાટણ.

-: વિરૂધ્ધ :-

પ્રતિવાદી:- તુષારકુમાર ઈશ્વરલાલ પટેલ,
ઉ.વ.આ.પુખ્ત, ધંધો:-વેપાર,
રહે.પાટણ, ઠે.૧૪૬/શૈલજા બંગ્લોઝ, અંબાજી રોડ,
શાંતિનિકેતન સ્કૂલ રોડ, ચાણસ્મા હાઈવે, પાટણ, તા.જી.પાટણ.
ફેકટરી સર્વે નં.૨૯૫/૨, હારીજ બોડીયા રોડ, પાટણ, તા.જી.પાટણ.

દાવો :- રૂા.૧૦,૦૭,૦૭૯.૦૦ પૈસા અંકે રૂપિયા દસ લાખ સાત હજાર ઓગણએંશી પુરાના આંકથી...

****

વાદી તરફે વિ.વ.શ્રી એન.બી.રાવલ
પ્રતિવાદી તરફે કોઈ નહીં

****

-: ચુ કા દો :-

(૧) વાદીના દાવાની હકીકત ટુંકમાં એવી છે કે, વાદી બેંક ધી બેંકીંગ કંપનીઝ એન્ડ ટ્રાન્સફર ઓફ અન્ડર ટેકીંગ એકટ ૧૯૭૦ અન્વયે સ્થપાયેલી બેંકીંગ કંપની છે, જે બેંકીંગને લગતું કામકાજ કરે છે. વાદી બેંકીંગની હેડ ઓફીસ: માંડવી, વડોદરામાં આવેલી છે અને બેંકીંગની અલગ-અલગ શાખાઓ પૈકી એક શાખા પાટણ મુખ્ય, હિંગળાચાચર, પાટણ, તા.જી.પાટણમાં આવેલી છે. વધુમાં વાદી બેન્કે પાટણ શાખામાંથી પ્રતિવાદી તુષારકુમાર ઈશ્વરલાલ પટેલે PMEGP યોજના હેઠળ ટર્મ લોનથી તથા સી.સી. લોન રૂા.૪,૨૫,૦૦૦/- બાયોકોલના વેપાર માટે માંગણી કરેલી. વાદી બેંક ધ્વારા ટર્મ લોન મંજુર કરવામાં આવેલી. ટર્મ લોન રૂા.૧૪,૧૭,૫૦૦/- તથા સી.સી. લોન રૂા.૪,૨૫,૦૦૦/- રૂપિયાના અનુસંધાનમાં તમોએ મુખ્ય દેવાદાર તરીકે વાદી બેંકની તરફેણમાં કાયદેસરના જરૂરી દસ્તોવેજો પ્રતિવાદીએ લખાણો કરી આપેલા છે. વધુમાં ઉપર જણાવેલ ટર્મ લોન અંગેના અને સી.સી. લોન અંગેના જરૂરી દસ્તાવેજો તથા લખાણ ઉપરથી વાદી બેંક ધ્વારા મંજુર કરી તા.૦૧/૧૧/૨૦૧૩ ના રોજ રૂા.૧૪,૧૭,૫૦૦/- ની ટર્મ લોન ખાતા નં.૦૧૪૮૦૬૦૦૦૨૪૬૦૪ થી વ્યાજ દર ૧૨.૫૦%, તા.૦૧/૧૧/૨૦૧૩ અને સી.સી. લોન રૂા.૪,૨૫,૦૦૦/- ખાતા નં.૦૫/૧૪૭૩ થી વ્યાજ દર ૧૨.૫૦% થી તા.૦૧/૧૧/૨૦૧૩ ના રોજ પ્રતિવાદીને બાયોકોલના હેતુ માટે આપવામાં આવેલ છે. વધુમાં પ્રતિવાદીએ લોનની રકમ રૂા.૧૪,૧૭,૫૦૦/- ની ટર્મ લોન અને સી.સી. લોન રૂા.૪,૨૫,૦૦૦/- તથા વ્યાજની રકમ ભરપાઈ કરવા માટે વાદી બેંક ધ્વારા પ્રતિવાદીને હપ્તાની સગવડ આપવામાં આવી છે. સદર ટર્મ લોન અને સી.સી. લોનની વ્યાજ તથા ખર્ચ સહની રકમ ભરપાઈ કરવા માટે પ્રતિવાદી મુખ્ય દેવાદાર તરીકે વ્યકિતગત રીતે જવાબદાર અને બંધાયેલા છે. વાદી બેંક વધુમાં જણાવે છે કે, ઉપરોકત લોન બેંકની રકમ વ્યાજ સાથે વાદી બેંક જયાં અને જયારે માંગે ત્યારે પ્રતિવાદીઓએ ભરપાઈ કરવાની સ્પષ્ટ શરત છે. પ્રતિવાદીના તા.૨૦/૦૯/૨૦૧૮ નાં સ્ટેટમેન્ટ મુજબ ટર્મ લોન ખાતા નં.૦૬/૨૪૬૦૪

માં રૂા.૫,૯૦,૬૨૫.૦૦ અને સી.સી. લોન ખાતા નં.૦૫/૧૪૯૭૩ માં રૂા.૪,૧૬,૧૫૪.૦૦ તથા વ્યાજનાં બાકી લેણાં છે. ઉપર મુજબ પ્રતિવાદી પાસે મજકુર રકમ રૂા.૧૦,૦૬,૭૭૯/– ની લોન અન્વયેની તથા વ્યાજની રકમ વાર્ષિક રૂપિયા + વ્યાજના હપ્તાથી ભરપાઈ કરવાની સગવડતા પ્રતિવાદીઓને આપવામાં આવેલી છે. પ્રતિવાદીના ટર્મલોન ખાતા નં.૦૧૪૮૦૬૦૦૦૨૪૬૦૪ થી લોન રૂા.૧૪,૧૭,૫૦૦/– નો પ્રથમ હપ્તો તા.૨૦/૦૯/૨૦૧૪ થી ભરવાનો છે. છેલ્લે પ્રતિવાદીએ તા.૩૦/૦૬/૨૦૧૭ ના રોજ રૂા.૯૦,૦૦૦/– બેંકમાં જમા કરાવ્યા છે તથા સી.સી. લોન ખાતા નં.૦૫/૧૪૯૭૩ માં રૂા.૪,૧૬,૧૫૪.૦૦ તથા વ્યાજનાં બાકી લેણાં છે. લોન રૂા.૪,૨૫,૦૦૦/– નો પ્રથમ હપ્તો તા.૧૭/૦૩/૨૦૧૫ થી ભરવાનો છે. છેલ્લે પ્રતિવાદીએ તા.૩૦/૦૩/૨૦૧૭ ના રોજ રૂા.૩૯,૫૦૦/– બેંકમાં જમા કરાવ્યા છે તેમજ વાદી વધુમાં જણાવે છે કે, મજકુર લોનની વ્યાજ અને હપ્તા પૈકીનો એક પણ મુદ્દલ અને વ્યાજનો હપ્તો ભરપાઈ કરવામાં પ્રતિવાદીઓ કસુર કરે તો મજકુર લોનની તમામ રકમ કે બાકી નીકળતી તમામ રકમ તેના વ્યાજ સાથે કોઈપણ કારણ દર્શાવ્યા સિવાય એકીસાથે પાછી માંગવાનો વાદી બેંકને હકક છે. આમ ઉપરોકત લોન તથા વ્યાજ અને ખર્ચની રકમ ભરપાઈ કરવા માટે પ્રતિવાદીઓ વ્યકિતગત રીતે તેમજ કાનુની રાહે જવાબદાર છે. વાદી વધુમાં જણાવે છે કે, મજકુર ટર્મ લોન અન્વયેની રકમ તથા વ્યાજની રકમ, હપ્તાથી ભરપાઈ કરવાની પ્રતિવાદીને સવલત આપવામાં આવી હોવા છતાં, પ્રતિવાદી લોન અને વ્યાજના નકકી કરેલા હપ્તા ભરપાઈ કરવામાં ચુકયા છે અને કસુર કરેલ છે. પ્રતિવાદીને અવારનવાર બેંક ધ્વારા લેખિત અને મૌખિક સુચના આપવામાં આવેલી છે. પ્રતિવાદીઓએ આવી સુચનાની અવગણના કરી છે અને મજકુરની લોનની રકમ ભરવામાં ચૂક કરી છે અને ખાતું એન.પી.એ. થયેલું છે. આમ ઉપર મુજબ લેણાંની તપસીલમાં બતાવ્યા મુજબની લોન અન્વયેની વ્યાજ સહીતની રકમ બાકી નીકળે છે. પ્રતિવાદીએ મજકુર લોન અન્વયેની વ્યાજ સહીતની રકમ હપ્તાથી ભરપાઈ કરવામાં ચુક કરેલ છે. જેથી બાકી નીકળતી તમામ લેણી રકમ

એકીસાથે પરત મેળવવાનો વાદી બેંકનો હાલનો આ દાવો છે.

(૨) આ કામે પ્રતિવાદીને ધોરણસર સમન્સ કરતાં પ્રતિવાદી હાજર રહેલ ન હોઈ તેઓનો જવાબનો હકક બંધ કરવાનો હુકમ કરવામાં આવેલ.

(૩) આ કામે વાદી તરફે નીચે મુજબનો પુરાવો રજુ થયેલ છે:–

વાદી તરફે મૌખિક તથા દસ્તાવેજી પુરાવો :–

અનુ.નં.	આંક	પુરાવાની વિગત
૧	૧૭	વાદી સાહેદ રાજેન્દ્રપ્રસાદ ચેટર્જીનું સરતપાસનું સોગંદનામું
૨	૨૦	પ્રતિવાદીની અરજી પ્રધાનમંત્રી રોજગાર સર્જન કાર્યક્રમ (PMEGP)
૩	૨૧	સભ્ય સચિવ જનરલ મેનેજર, જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર, પાટણ પ્રતિવાદીની લોન અંગેનો વાદી બેંકને ભલામણ પત્ર
૪	૨૨	પ્રતિવાદીની લોન મેળવવા માટેની બેંકનું નિયત નમુના મુજબનું અરજી પત્રક
૫	૨૩	ડીમાંડ પ્રોમીસરી નોટ રૂા.૧૪,૧૭,૫૦૦/–
૬	૨૪	લેટર ઓફ ઓથોરીટ ટુ મેક પેમેન્ટ ડાયરેકટલી
૭	૨૫	કરાર પત્ર
૮	૨૬	ડીમાંડ લોન ખાતા નંગેની રકમ, વ્યાજ, હપ્તો ચુકવવા અંગે બેંકને પ્રતિવાદીએ કરી આપેલ લખાણ
૯	૨૭	મંજુરી પત્ર
૧૦	૨૮	પ્રતિવાદીની ઓળખ અંગેનો લેટર
૧૧	૨૯	પ્રતિવાદીએ કરી આપેલ એન્ડરટેકીંગ
૧૨	૩૦	લેટર ઓફ ઈન્સ્ટોલમેન્ટ
૧૩	૩૧	ડેકલેરેશન કમ અન્ડરટેકીંગ કમ ઓથોરીટી
૧૪	૩૨	હાઈપોથીકેશન એગ્રીમેન્ટ
૧૫	૩૩	લેટર ઓફ એકનોલેજમેન્ટ ઓફ ડેબ્થ

૧૬	૩૪	ડીમાન્ડ પ્રોમીસરી નોટ રૂા.૪,૨૫,૦૦૦/–
૧૭	૩૫	કરાર પત્ર
૧૮	૩૬	મંજુરી પત્ર
૧૯	૩૭	પ્રતિવાદીની ઓળખ અંગેનો લેટર
૨૦	૩૮	લેટર ઓફ કંટીન્યુઈંગ સિકયુરીટી
૨૧	૩૯	ડેકલેરેશન કમ અન્ડરટેકીંગ કમ ઓથોરીટી
૨૨	૪૦	હાઈપોથીકેશન એગ્રીમેન્ટ
૨૩	૪૧	પ્રતિવાદીનું નોડયુ સર્ટીફીકેટ, નોટરાઈઝ
૨૪	૪૨	લેટર ઓફ એકનોલેજમેન્ટ ઓફ ડેબ્ટ
૨૫	૪૩ થી ૪૬	પ્રતિવાદીને લોન ભરવા અંગેની જાણ કરતો પત્ર
૨૬	૪૭	પ્રતિવાદીના ટર્મ લોન ખાતા નં.૦૧૪૮૦૬૦૦૦૨૪૬૦૪ સ્ટેટમેન્ટ
૨૭	૪૮	પ્રતિવાદીના સી.સી. લોન ખાતા નં.૦૧૪૮૦૫૦૦૦૧૪૯૭૩ સ્ટેટમેન્ટ
૨૮	૪૯	પ્રતિવાદીને વાદી મારફતે રજી.પો.એ.ડી.થી આપેલ નોટીસની સ્થળપ્રત
૨૯	૫૦	પ્રતિવાદીને નોટીસ વગર બજી પરત આવેલ કવર
૩૦	૫૧	કલોજીંગ પુરસીશ

(૪) પ્રતિવાદીને યોગ્ય અને પુરતી તક આપવા છતાં તેઓ તરફે કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજુ કરેલ ન હોઈ, પ્રતિવાદીનો પુરાવાનો હકકબંધ કરવામાં આવેલ છે.

(૫) ઉપરોકત હકીકતે પુરાવો પુરો થયા બાદ વાદી પક્ષે વિ.વકીલશ્રી એન.બી.રાવલે દાવા અરજીની હકીકતને દહોરાવીને વાદીએ પોતાના પુરાવાથી દાવાની હકીકત પુરવાર કરેલ હોઈ દાવો મંજુર કરવા વિનંતી કરેલ છે.

(૬) આ કામે દાવાના આખરી નિર્ણય માટે આંક–૧૩ થી નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત કરવામાં આવેલ છે.

(૧) શું વાદી પુરવાર કરે છે કે, તેને આ દાવો દાખલ કરવાનો અધિકાર છે ?

(૨) શું વાદી પુરવાર કરે છે કે, આ કામના પ્રતિવાદીએ તેઓની પાસેથી જે લોન લીધેલી તેની ટર્મ લોનમાં રૂા.૫,૯૦,૬૨૫/– તા.૨૦/૦૯/૨૦૧૮ ના રોજ તથા રૂા.૪,૧૬,૧૫૪/– તા.૨૦/૦૯/૨૦૧૮ તા.૨૦/૦૯/૨૦૧૮ સી.સી. લોન એકાઉન્ટમાં બાકી નીકળે છે ?

(૩) શું વાદી સાબિત કરે છે કે, બન્ને લોન ખાતા ઉપર ૧૦.૨૫% મેળવવા દાખલ તારીખથી મેળવવા હકકદાર છે ?

(૪) શું વાદી માંગ્યા મુજબની દાદ મેળવવા હકદાર છે ?

(૫) શું હુકમ અને શું હુકમનામું ?

(૭) ઉપરોકત વિગતે રજુ થયેલ પુરાવો તથા વાદીના વિ.વકીલશ્રીની દલીલનું કાળજીપૂર્વક મુલ્યાંકન કરતા ઉપરોકત મુદાઓના નિર્ણયો નીચે મુજબ કરેલ છે.

(૧) હકારમાં.

(૨) હકારમાં.

(૩) અંશત:હકાર

(૪) આખરી હુકમ મુજબ.

(૫) આખરી હુકમ મુજબ.

(૮) મુદ્દાઓના ઉપરોકત નિર્ણયો કરવા અંગેના કારણો નીચે મુજબ છે.

–: ***કા ર ણો*** :–

//મુદ્દા નં.૧ થી ૪//

(૯) ઉપરોકત મુદ્દાઓ કાયદા અને હકીકતની દ્રષ્ટિએ પરસ્પર એકબીજા સાથે સંકળાયેલા હોય વારંવારનું પુનરાવર્તન ટાળવાના હેતુથી તમામ મુદ્દાઓની ચર્ચા એકસાથે કરવામાં આવેલ છે.

(૧૦) આ કામે પક્ષકારો તરફે રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો ઘ્યાને લેતાં વાદી સાહેદ રાજેન્દ્રપ્રસાદ ચેટર્જીનું પુરાવાનું સોગંદનામું આંક−૧૭ થી રજુ થયેલ છે. સદરહુ વાદી સાહેદે વાદી સંસ્થા મેનેજર તરીકે ફરજ બજાવે છે. તેઓએ તેમની જુબાનીમાં દાવા અરજીની હકીકતોનું પુનરાવર્તન કરી દાવા અરજીમાં માંગેલ દાદ અપાવવા વિનંતિ કરેલ છે. વાદી સાહેદની જુબાની જોતા તેમાં જણાવેલ છે કે, વાદી બેંક ધી બેંકીંગ કંપનીઝ એન્ડ ટ્રાન્સફર ઓફ અન્ડર ટેકીંગ એકટ ૧૯૭૦ અન્વયે સ્થપાયેલી બેંકીંગ કંપની છે, જે બેંકીંગને લગતું કામકાજ કરે છે. વાદી બેંકીંગની હેડ ઓફીસ: માંડવી, વડોદરામાં આવેલી છે અને બેંકીંગની અલગ−અલગ શાખાઓ પૈકી એક શાખા પાટણ મુખ્ય, હિંગળાચાચર, પાટણ, તા.જી.પાટણમાં આવેલી છે. વઘુમાં વાદી બેન્કે પાટણ શાખામાંથી પ્રતિવાદી તુષારકુમાર ઈશ્વરલાલ પટેલે PMEGP યોજના હેઠળ ટર્મ લોનથી તથા સી.સી. લોન રૂા.૪,૨૫,૦૦૦/− બાયોકોલના વેપાર માટે માંગણી કરેલી. વાદી બેંક દ્વારા ટર્મ લોન મંજુર કરવામાં આવેલી. ટર્મ લોન રૂા.૧૪,૧૭,૫૦૦/− તથા સી.સી. લોન રૂા.૪,૨૫,૦૦૦/− રૂપિયાના અનુસંઘાનમાં તમોએ મુખ્ય દેવાદાર તરીકે વાદી બેંકની તરફેણમાં કાયદેસરના જરૂરી દસ્તાવેજો પ્રતિવાદીએ લખાણો કરી આપેલા છે. વઘુમાં ઉપર જણાવેલ ટર્મ લોન અંગેના અને સી.સી. લોન અંગેના જરૂરી દસ્તાવેજો તથા લખાણ ઉપરથી વાદી બેંક દ્વારા મંજુર કરી તા.૦૧/૧૧/૨૦૧૩ ના રોજ રૂા.૧૪,૧૭,૫૦૦/− ની ટર્મ લોન ખાતા નં.૦૧૪૮૦૬૦૦૦૨૪૬૦૪ થી વ્યાજ દર ૧૨.૫૦%, તા.૦૧/૧૧/૨૦૧૩ અને સી.સી. લોન રૂા.૪,૨૫,૦૦૦/− ખાતા નં.૦૫/૧૪૭૩ થી વ્યાજ દર ૧૨.૫૦% થી તા.૦૧/૧૧/૨૦૧૩ ના રોજ પ્રતિવાદીને બાયોકોલના હેતુ માટે આપવામાં આવેલ છે. વઘુમાં પ્રતિવાદીએ લોનની રકમ રૂા.૧૪,૧૭,૫૦૦/− ની ટર્મ લોન અને સી.સી. લોન રૂા.૪,૨૫,૦૦૦/− તથા વ્યાજની રકમ ભરપાઈ કરવા માટે વાદી બેંક દ્વારા પ્રતિવાદીને હપ્તાની સગવડ આપવામાં આવી છે. સદર ટર્મ લોન અને સી.સી. લોનની વ્યાજ તથા ખર્ચ સહની રકમ ભરપાઈ કરવા માટે પ્રતિવાદી મુખ્ય દેવાદાર તરીકે વ્યકિતગત રીતે જવાબદાર અને

બંધાયેલા છે. વાદી બેંક વધુમાં જણાવે છે કે, ઉપરોકત લોન બેંકની રકમ વ્યાજ સાથે વાદી બેંક જયાં અને જયારે માંગે ત્યારે પ્રતિવાદીઓએ ભરપાઈ કરવાની સ્પષ્ટ શરત છે. પ્રતિવાદીના તા.૨૦/૦૯/૨૦૧૮ નાં સ્ટેટમેન્ટ મુજબ ટર્મ લોન ખાતા નં.૦૬/૨૪૬૦૪ માં રૂા.૫,૯૦,૬૨૫.૦૦ અને સી.સી. લોન ખાતા નં.૦૫/૧૪૯૭૩ માં રૂા.૪,૧૬,૧૫૪.૦૦ તથા વ્યાજનાં બાકી લેણાં છે. ઉપર મુજબ પ્રતિવાદી પાસે મજકુર રકમ રૂા.૧૦,૦૬,૭૭૯/– ની લોન અન્વયેની તથા વ્યાજની રકમ વાર્ષિક રૂપિયા + વ્યાજના હપ્તાથી ભરપાઈ કરવાની સગવડતા પ્રતિવાદીઓને આપવામાં આવેલી છે. પ્રતિવાદીના ટર્મલોન ખાતા નં.૦૧૪૮૦૬૦૦૦૨૪૬૦૪ થી લોન રૂા.૧૪,૧૭,૫૦૦/– નો પ્રથમ હપ્તો તા.૨૦/૦૯/૨૦૧૪ થી ભરવાનો છે. છેલ્લે પ્રતિવાદીએ તા.૩૦/૦૬/૨૦૧૭ ના રોજ રૂા.૯૦,૦૦૦/– બેંકમાં જમા કરાવ્યા છે તથા સી.સી. લોન ખાતા નં.૦૫/૧૪૯૭૩ માં રૂા.૪,૧૬,૧૫૪.૦૦ તથા વ્યાજનાં બાકી લેણાં છે. લોન રૂા.૪,૨૫,૦૦૦/– નો પ્રથમ હપ્તો તા.૧૭/૦૩/૨૦૧૫ થી ભરવાનો છે. છેલ્લે પ્રતિવાદીએ તા.૩૦/૦૩/૨૦૧૭ ના રોજ રૂા.૩૯,૫૦૦/– બેંકમાં જમા કરાવ્યા છે તેમજ વાદી વધુમાં જણાવે છે કે, મજકુર લોનની વ્યાજ અને હપ્તા પૈકીનો એક પણ મુદ્દલ અને વ્યાજનો હપ્તો ભરપાઈ કરવામાં પ્રતિવાદીઓ કસુર કરે તો મજકુર લોનની તમામ રકમ કે બાકી નીકળતી તમામ રકમ તેના વ્યાજ સાથે કોઈપણ કારણ દર્શાવ્યા સિવાય એકીસાથે પાછી માંગવાનો વાદી બેંકને હકક છે. આમ ઉપરોકત લોન તથા વ્યાજ અને ખર્ચની રકમ ભરપાઈ કરવા માટે પ્રતિવાદીઓ વ્યકિતગત રીતે તેમજ કાનુની રાહે જવાબદાર છે. વાદી વધુમાં જણાવે છે કે, મજકુર ટર્મ લોન અન્વયેની રકમ તથા વ્યાજની રકમ, હપ્તાથી ભરપાઈ કરવાની પ્રતિવાદીને સવલત આપવામાં આવી હોવા છતાં, પ્રતિવાદી લોન અને વ્યાજના નકકી કરેલા હપ્તા ભરપાઈ કરવામાં ચુકયા છે અને કસુર કરેલ છે. પ્રતિવાદીને અવારનવાર બેંક ધ્વારા લેખિત અને મૌખિક સુચના આપવામાં આવેલી છે. પ્રતિવાદીઓએ આવી સુચનાની અવગણના કરી છે અને મજકુરની લોનની રકમ ભરવામાં ચૂક કરી છે અને ખાતું એન.પી.એ. થયેલું છે. આમ

ઉપર મુજબ લેણાંની તપસીલમાં બતાવ્યા મુજબની લોન અન્વયેની વ્યાજ સહીતની રકમ બાકી નીકળે છે. પ્રતિવાદીએ મજકુર લોન અન્વયેની વ્યાજ સહીતની રકમ હપ્તાથી ભરપાઈ કરવામાં ચુક કરેલ છે. જેથી બાકી નીકળતી તમામ લેણી રકમ એકીસાથે પરત મેળવવાનો વાદી બેંકનો હાલનો આ દાવો છે.

(૧૧) પ્રતિવાદી તરફે આ કામે કોઈ સાહેદોને તપાસેલ નથી કે કોઈ દસ્તાવેજી પુરાવા રજુ કરેલ નથી.

(૧૨) રેકર્ડ ઉપરનો પુરાવો ધ્યાને લેતા આ કામે વાદી તરફે વાદીના સાહેદ રાજેન્દ્રપ્રસાદ ચેટર્જીનું પુરાવાનું સોગંદનામું આંક-૧૭ થી રજુ કરેલ છે તેમજ સદર પુરાવાના સોગંદનામામાં દસ્તાવેજો રીફર કરી આંક-૨૦ થી પ્રતિવાદીની અરજી પ્રધાનમંત્રી રોજગાર સર્જન કાર્યક્રમ (PMEGP), આંક-૨૧ થી સભ્ય સચિવ જનરલ મેનેજર, જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર, પાટણ પ્રતિવાદીની લોન અંગેનો વાદી બેંકને ભલામણ પત્ર, આંક-૨૨ થી પ્રતિવાદીની લોન મેળવવા માટેની બેંકનું નિયત નમુના મુજબનું અરજી પત્રક, આંક-૨૩ થી ડીમાંડ પ્રોમીસરી નોટ રૂા.૧૪,૧૭,૫૦૦/-, આંક-૨૪ થી લેટર ઓફ ઓથોરીટ ટુ મેક પેમેન્ટ ડાયરેકટલી, આંક-૨૫ થી કરાર પત્ર, આંક-૨૬ થી ડીમાંડ લોન ખાતા નંગેની રકમ, વ્યાજ, હપ્તો ચુકવવા અંગે બેંકને પ્રતિવાદીએ કરી આપેલ લખાણ, આંક-૨૭ થી મંજુરી પત્ર, આંક-૨૮ થી પ્રતિવાદીની ઓળખ અંગેનો લેટર, આંક-૨૯ થી પ્રતિવાદીએ કરી આપેલ એન્ડરટેકીંગ, આંક-૩૦ થી લેટર ઓફ ઈન્સ્ટોલમેન્ટ, આંક-૩૧ થી ડેકલેરેશન કમ અન્ડરટેકીંગ કમ ઓથોરીટી, આંક-૩૨ થી હાઈપોથીકેશન એગ્રીમેન્ટ, આંક-૩૩ થી લેટર ઓફ એકનોલેજમેન્ટ ઓફ ડેબ્થ, આંક-૩૪ થી ડીમાન્ડ પ્રોમીસરી નોટ રૂા.૪,૨૫,૦૦૦/-, આંક-૩૫ થી કરાર પત્ર, આંક-૩૬ થી મંજુરી પત્ર, આંક-૩૭ થી પ્રતિવાદીની ઓળખ અંગેનો લેટર, આંક-૩૮ થી લેટર ઓફ કંટીન્યુઈંગ સિકયુરીટી, આંક-૩૯ થી ડેકલેરેશન કમ અન્ડરટેકીંગ કમ ઓથોરીટી, આંક-૪૦ થી હાઈપોથીકેશન એગ્રીમેન્ટ, આંક-૪૧ થી પ્રતિવાદીનું નોડયુ સર્ટીફીકેટ, નોટરાઈઝ, આંક-૪૨ થી લેટર ઓફ એકનોલેજમેન્ટ ઓફ ડેબ્ટ,

આંક–૪૩ થી ૪૬ સુધીના પ્રતિવાદીને લોન ભરવા અંગેની જાણ કરતો પત્ર, આંક–૪૭ થી પ્રતિવાદીના ટર્મ લોન ખાતા નં.૦૧૪૮૦૬૦૦૦૨૪૬૦૪ સ્ટેટમેન્ટ, આંક–૪૮ થી પ્રતિવાદીના સી.સી. લોન ખાતા નં.૦૧૪૮૦૫૦૦૦૧૪૯૭૩ સ્ટેટમેન્ટ, આંક–૪૯ થી પ્રતિવાદીને વાદી મારફતે રજી.પો.એ.ડી.થી આપેલ નોટીસની સ્થળપ્રત તથા આંક–૫૦ થી પ્રતિવાદીને નોટીસ વગર બજી પરત આવેલ કવર રજુ કરેલ છે. જેની સામે પ્રતિવાદી તરફે કોઈ તકરાર લેવામાં આવેલ નથી. ઉપરોકત તમામ દસ્તાવેજી પુરાવાને વાદી સાહેદે પોતાની જુબાનીમાં રીફર કરેલ છે. વાદી બેન્ક નેશનલાઈઝ બેન્ક છે અને પોતાના રોજબરોજના વહીવટી કામના શીરસ્તા મુજબ રાખેલ દસ્તાવેજો છે. તે સંજોગોમાં પ્રતિવાદીએ વાદી બેંકને ઉપરોકત દસ્તાવેજો કરી આપેલ હોવાનું માનવાને કારણ રહે છે. ઉપરોકત દસ્તાવેજથી વિરુધ્ધનું સાબીત થાય તેવો કોઈ પુરાવો પ્રતિવાદી ધ્વારા રજુ કરવામાં આવેલ નથી કે પ્રતિવાદી ધ્વારા વાદીની હકીકતને કોઈપણ રીતે પડાકારેલ નથી અને તેથી પ્રતિવાદી ધ્વારા વાદીની ઉપરોકત હકીકતોનાં તેવા કોઈ પુરાવા રેકર્ડ ઉપર રજુ થયેલ ન હોય વાદીની હકીકતને તથા દસ્તાવેજી પુરાવાને ન માનવાને કોઈ કારણ જણાતું નથી. જેથી પ્રતિવાદીએ વાદી બેન્ક પાસેથી લોન લીધેલ તે હકીકત પુરવાર થાય છે. તે સંજોગોમાં પ્રતિવાદી પાસે વાદી બેન્કના રૂા.૧૦,૦૭,૦૭૯.૦૦ પૈસા બાકી રોકાતા હોવાનું પુરવાર થાય છે.

(૧૩) વધુમાં રેકર્ડ ઉપરનો પુરાવો જોતા, આ કામે કુલ વ્યાજ સહીતના રૂા.૧૦,૦૭,૦૭૯.૦૦ પૈસા બાકી રોકાતા હોવાનું વાદી ધ્વારા પુરવાર કરવામાં આવેલ છે. ઉપરોકત એગ્રીમેન્ટ મુજબ વાદી બેન્ક પ્રતિવાદી પાસેથી વ્યાજ મેળવવા હકદાર બને છે, જો કે પ્રતિવાદી ગામડાના ગરીબ અને ખેડૂત વર્ગના માણસ છે. જેથી દાવા તારીખ સુધી ઉપરોકત જણાવેલ વ્યાજ દરે અને ત્યારબાદ દાવા તારીખથી વસુલ થતા સુધી સી.પી.સી. કલમ–૩૪ ધ્યાને લેતા ઉપરોકત બાકી રકમ ઉપર ૯% ના દરે સાદુ વ્યાજ અપાવવું વ્યાજબી જણાય છે.

(૧૪) આમ આ કામે રેકર્ડ ઉપરનો સમગ્ર પુરાવો ધ્યાને લેતા, આ કામના પ્રતિવાદીએ વાદી બેન્ક પાસેથી લોન મેળવેલ અને તે અનુસંધાને જરૂરી દસ્તાવેજો વાદી બેન્ક જોગ પ્રતિવાદીએ કરી આપેલ છે અને તે રીતે પ્રતિવાદીએ લોનના કરારની શરતો મુજબ વ્યાજ સહિત રૂા.૧૦,૦૭,૦૭૯.૦૦ પૈસા બાકી લેણી રકમ બાકી રહેતી હતી અને તેમ મળી કુલ વ્યાજ સહીતના રૂા.૧૦,૦૭,૦૭૯.૦૦ પૈસા બાકી રોકાતા હોવાનું વાદી ધ્વારા પુરવાર કરવામાં આવેલ છે. પક્ષકારો વચ્ચે થયેલ એગ્રીમેન્ટ મુજબ વાદી બેન્કે પ્રતિવાદી પાસેથી વ્યાજ મેળવવા હકકદાર બને છે, જેથી દાવા તારીખ સુધી ઉપરોકત જણાવેલ વ્યાજ દરે અને ત્યારબાદ દાવા તારીખથી વસુલ થતા સુધી સી.પી.સી. કલમ–૩૪ ધ્યાને લેતા ઉપરોકત બાકી રકમ ઉપર ૯ % ના દરે સાદુ વ્યાજ અપાવવું વ્યાજબી જણાય છે. આમ, સમગ્ર હકીકત ધ્યાને લેતાં પ્રતિવાદી પાસે વાદી બેંકનાં રૂા.૧૦,૦૭,૦૭૯.૦૦ પૈસા બાકી રોકાતા હોવાનું પુરવાર થતું હોઈ, મુદ્દા નં.૧ ની હકીકત સાબિત કરેલ હોઈ, મુદ્દા નં.૧ અને ૨ નો નિર્ણય તે રીતે સ્પષ્ટપણે હકારમાં ઠરાવવામાં આવે છે. જેથી, બાકી રહેતી લેણી રકમ રૂા.૧૦,૦૭,૦૭૯.૦૦ પૈસા પ્રતિવાદી પાસેથી વાદી બેન્ક વસુલ મેળવવા હકકદાર બને છે અને બાકી લેણી રકમ પર વાર્ષિક ૯ % લેખે સાદુ વ્યાજ મેળવવા હકદાર બનતા હોય મુદ્દા નં.૩ નો નિર્ણય તે રીતે અંશત:હકારમાં ઠરાવવામાં આવે છે. આમ, ઉપર કરેલ સવિસ્તૃત ચર્ચાને અંતે વાદી બેન્કનો દાવો અંશત:મંજુર કરવાપાત્ર હોય મુદ્દા નં.૪, ૫ પરત્વે નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવેલ છે.

–: *આખરી હુકમ* :–

(૧) વાદીનો દાવો આથી અંશત: મંજુર કરવામાં આવે છે.

(૨) આથી પ્રતિવાદીને એવો હુકમ કરવામાં આવે છે કે, વાદી બેન્કની બાકી લેણી નીકળતી રકમ રૂા.૧૦,૦૭,૦૭૯.૦૦ પૈસા અંકે રૂપીયા દસ લાખ સાત હજાર ઓગણએંશી પુરા પ્રતિવાદીએ વાદી બેંકને ચુકવી આપવા.

(૩) વધુમાં, દાવા તારીખથી રકમ વસુલ થતા સુધી ઉપરોકત લેણી રકમ ઉપર પ્રતિવાદીએ વાર્ષિક ૯% લેખે સાદુ વ્યાજ વાદી બેન્કને ચુકવી આપવું.

(૪) વાદીના દાવાનું ખર્ચ પ્રતિવાદીએ ભોગવવું અને પોતાનું જાતે ભોગવવું.

(૫) હુકમ મુજબ હુકમનામું દોરવું.

આજરોજ તા.**૧૪** મી, માહે **ઓકટોબર**, સને **૨૦૨૧** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૧૪/૧૦/૨૦૨૧
પાટણ.

(મનોજ શંભુપ્રસાદ દવે)
પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ,
પાટણ.
Judge Code No.GJ-00760

MVS